ગાંધીનગર સમાચાર

# રેલવે બજેટમાં યાત્રીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા

## રેલવે બજેટ હાઈલાઈટ.....

- યાત્રી ભાડા અને નૂરના દરમાં હવે કોઈ વધારો ન આવ્યો
- ૫૮ નવી ટ્રેનોની જાહેરાત કરવામાં આવી
- નવી ટ્રેનોમાં પાંચ જનસાધારણ, પાંચ પ્રિમિયમ, છ એસી, ૨૭ એક્સપ્રેસ, આઠ પેસેન્જર, બે મેમુ અને પાંચ ડેમુ સર્વિસ સામેલ
- અમદાવાદ અને મુંબઈ વચ્ચે હાઈસ્પીડ ટ્રેનની જાહેરાત કરાઈ
- પ્રવર્તમાન રૂટ ઉપર હાઈસ્પીડ દોડાવવાની જાહેરાત કરાઈ
- રાજધાની અને શતાબ્દીમાં વાઈફાઈની સુવિધા ઉભી કરાઈ
- ધાર્મિક સ્થળોને આવરી લેતી નવી ટ્રેનોની જાહેરાત કરાઈ
- યાત્રીઓને બ્રાન્ડેડ કંપનીઓની ભોજનની વ્યવસ્થા કરાશે
- ઈન્ટરનેટ મારફતે ટીકીટ વ્યવસ્થામાં સુધાર કરાયો
- સ્ટાફ બેનીફીટ ફંડમાં વધારો કરાયો
- રેલવેમાં એફડીઆઈની જરૂરીયાત ઉપર ભાર મુકાયો
- તમામ સ્ટેશનો પર ખાસ સુવિધા
- બેટરી ઓપરેટેડ કારથી સીનિયર સિટીઝનોને યોગ્ય સ્થળે પહોંચાડાશે
- સાફસફાઈની કામગીરી પર સીસીટીવીથી નજર રખાશે
- પાંચ લાખ કરોડની પેન્ડીંગ યોજના છે
- ખાસ પાર્સલ ટ્રેનો દોડાવાશે
- ૧૦ સ્ટેશનોને ખાનગી ભાગીદારીથી આંતરરાષ્ટ્રીય સ્તરના બનાવાશે
- કેદારનાથ, બદરીનાથને ટ્રેન સેવાથી જોડાશે
- સ્ટેશન પર ડીઝીટલ રિઝર્વેશન ચાર્ટ લગાવાશે
- ભારતીય રેલવેમાં દરરોજ ૨.૩૦ કરોડ લોકો મુસાફરી કરે છે
- ભારતીય ટ્રેનમાં દરરોજ ૩૦ લાખ ટન ચીજવસ્તુઓની અવર-જવર થાય છે
- વિશ્વમાં નુર કેરિયરને સૌથી વિસ્તૃત બનાવવાની યોજના
- રેલવેમાં ૧૩ લાખ કર્મચારીઓ કામ કરી રહ્યા છે
- વર્ષ ૨૦૧૩-૧૪માં આવક ૧૩૯૫૫૮ કરોડ રહી જ્યારે ખર્ચનો આંકડો ૧૩૦૩૨૦ કરોડ
- ભારતીય રેલવેમાં ઓપરેટિંગ રેસિયો ૯૪ ટકાનો છે
- ભારતીય રેલવે દરેક રૂપિયામાં ૯૫ પૈસાનો ખર્ચ કરે છે જેથી તેની બચત માત્ર છ પૈસાની છે
- પેસેન્જર સેક્ટરમાં નુકસાન પ્રતિ કિલોમીટર ૨૩ પૈસા છે
- છેલ્લા ૧૦ વર્ષમાં ૯૯ નવા લાઈન પ્રોજેક્ટો મંજુર કરાયા છે પરંતુ માત્ર એક જ પ્રોજેક્ટ પુર્ણ થયો છે
- ચાર પ્રોજેક્ટ એવા છે જે ત્રીસ વર્ષ જુના છે
- કસ્ટમરો દ્વારા ૧૦૦ ટકા એડવાન્સ પેમેન્ટ છતાં ભારતીય રેલવેમાં ફંડની કટોકટી છે
- નવી રેલવે લાઈન બિછાવવા ઉપર ૪૧ હજાર કરોડનો ખર્ચ થયો હતો પરંતુ ટ્રેકના ડબલિંગ ઉપર માત્ર ૧૮ હજાર કરોડનો ખર્ચ થયો
- રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખાનગી રોકાણને મહત્વ અપાશે
- રેલવે ઓપરેશન સિવાય રેલવેમાં એફડીઆઈને મહત્વ
- પીપી રૂટ મારફતે નાણા ઉભા કરાશે
- ટ્રાફિક મારફતે આવકમાં વધારો થયો છે પરંતુ રેલવેના ટાર્ગેટને હાંસલ કરવામાં નિષ્ફળતા મળી છે
- ઓપરેટિંગ રેસિયો ૨.૭ ટકા સુધી ઘટ્યો છે
- નૂર મારફતે આવકનો અંદાજ ૧૫૭૭૭૦ કરોડ અને પેસેન્જર ટ્રાફિકથી ૪૪૬૪૫ કરોડ ઉભા થવાનો અંદાજ
- ૨૦૧૩-૧૪માં ૧૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે
- પેસેન્જરોની ખામીને સુધારવા અને દૂર કરવા એનજીઓને રોકવામાં આવશે
- પસંદગીની ટ્રેનોમાં વિશેષ સુવિધાઓ વધારાશે
- દરેક રેલવે સ્ટેશનો ઉપર ફુટ ઓવરબ્રિઝ બનાવાશે
- પીપીપી મારફતે તમામ મોટા સ્ટેશનો ઉપર ઈલેક્ટ્રોનિક સિડી બનાવાશે
- તમામ સ્ટેશનો ઉપર ટોયલેટ અને પાણીની ખાસ સુવિધા રહેશે
- ઓનલાઈન બુકિંગના ક્ષેત્રને વિસ્તૃત બનાવવાની તૈયારી
- ૫૦ મોટા સ્ટેશનો ઉપર આઉટસોર્સ સાફસફાઈ ઝુંબેશ જેમાં સાફસફાઈ પર સીસીટીવી કેમેરાથી નજર રખાશે
- અન્ડર અને ઓવરબ્રિજ માટે ૧૭.૮૫ કરોડની ફાળવણી
- તમામ માનવ રહિત રેલવે ક્રોસિંગને દૂર કરાશે
- ૪૦૦૦ મહિલા આરપીએફ કોન્સ્ટેબલની ભરતી કરાશે. ૧૭૦૦૦ આરપીએફ જવાનોની ભરતી થશે
- આરપીએફ જવાનોને મોબાઈલ અપાશે જેથી યાત્રીઓ તેમનો સંપર્ક કરી શકશે
- પોસ્ટ ઓફિસ મારફતે ટિકિટ ઉપલબ્ધ બની શકશે
- ઈ-ટિકિટિંગની વ્યવસ્થાને ૧૨૦૦૦૦ બુકિંગને મંજુરી આપી મજબૂત કરાશે
- રેલવે કર્મચારીઓના વાડ માટે ખાસ સ્કીમ
- ટેકનિકલ અને નોન ટેકનિકલ વિષય માટે રેલવે યુનિવર્સિટી બનાવાશે
- તમામ સ્ટેશનો ઉપર પીવાના પાણીની સુવિધા ઉભી કરાશે
- બજેટમાં ૧૦૦ કરોડની ફાળવણી સાથે ડાયમંડ ક્વાડ્રીલેટ્રલ હાઈસ્પીડ રેલ નેટવર્ક
- પસંદગીના સેક્ટર ઉપર પ્રતિકલાક ૧૬૦થી ૨૦૦ કિલોમીટર દોડી શકે તેવી હાઈસ્પીડ ટ્રેન દોડાવાશે
- ૧૦ મોટા શહેરોના મોટા સ્ટેશનોને આંતરરાષ્ટ્રીય સ્તરના બનાવાશે
- પ્લેટફોર્મ ઉપર ટ્રાફિકને ઘટાડવા પાર્સલ ટ્રાફિક માટે અલગ ટર્મિનલ બનાવાશે
- પાર્સલ ગાડીઓ માટે નવી ડિઝાઈન તૈયાર થશે
- ફ્રૂટ અને શાકભાજીના બગાડને રોકવા પ્રથમ તબક્કામાં ૧૦ સ્થળોએ તાપમાન અંકુશમાં રાખે તેવા વેરહાઉસ બનાવાશે
- પસંદગીની ટ્રેનોમાં એવન અને એ કેટેગરી સ્ટેશન ઉપર વાઈ-ફાઈની સુવિધા
- ઈન્ટરનેટ આધારિત પ્લેટફોર્મ અને અનરિઝર્વ ટિકિટની સુવિધા
- મુંબઈ ઉપનગરીય નેટવર્ક માટે ૮૬૪ નવી ઈએમયુ સેવા
- તેલંગાણા-આંધ્રપ્રદેશમાં જુદા જુદા તબક્કામાં ૨૦૦૦૦ કરોડના પ્રોજેક્ટો
- નવી લાઈન માટે ૧૮ સર્વે અને ૨૦૧૩-૧૪માં ડબલિંગ-ત્રિપલિંગ લાઇન માટે ૧૦ સર્વે
- ૧૦ ટ્રેનોના રૂટને લંબાવવાનો પણ નિર્ણય કરાયો
- રેલવે આગામી પાંચ વર્ષમાં પોતાના તમામ કામ કોમ્પ્યુટરરાઈઝ્ડ કરશે
- ટ્રેનના જરૂર કરતા વધુ સ્ટેશનોની સમીક્ષા કરી બંધ કરાશે
- શ્રીનગર સુધી જવા માટે માત્ર એક ટિકિટ રહેશે
- કુલ નવ રૂટ ઉપર હાઈસ્પીડ ટ્રેન દોડાવાશે
- પૂર્વના રાજ્યો માટે ઈકો ટ્યુરિઝમને પ્રોત્સાહન અપાશે
- સ્ટાફ બેનિફિટ ફંડ ૫૦૦થી વધારીને ૮૦૦ની જોગવાઈ
- ગ્રાઉન્ડ લેવલના કર્મચારીઓ માટે શોર્ટ ટર્મ કોર્સની શરૂઆત થશે
- મોટા સ્ટેશનો ફૂડકોટ બનાવાશે

નવી દિલ્હી,તા.૮

રેલવે પ્રધાન ડીવી સદાનંદ ગૌડાએ આજે બજેટ રજૂ કરતી વેળા શ્રેણીબદ્ધ સુરક્ષા પગલાઓની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, યાત્રીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. સંસદમાં રેલવે બજેટ ૨૦૧૪-૧૫ રજૂ કરતા તેમણે કહ્યું હતું કે, ટ્રેક રિન્યુઅલ, માનવ રહિત રેલવે ક્રોસિંગની નાબૂદી અને અન્ડરબ્રિજ અને રોડ ઓવરબ્રિજના નિર્માણ માટે ૪૦૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. પ્રધાને કહ્યું હતું કે, તેઓ રોડ અન્ડરબ્રિજ અને ઓવરબ્રિજના નિર્માણ ઉપર ખાસ ધ્યાન આપશે. રોડ અન્ડરબ્રિજ અને રોડ ઓવરબ્રિજ માટે ૧૭૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સાથે સાથે તેમની દરખાસ્તોને ઝડપી કરવા રાજ્ય સરકારોને પણ વિનંતી કરવામાં આવી છે. પ્રધાને કહ્યું હતું કે, ભારતીય રેલવે ૩૦૩૪૮ લેવલ ક્રોસિંગ ધરાવે છે જે પૈકી ૧૧૫૬૩ માનવ રહિતના છે. દરેક માનવ રહિત રેલવે ક્રોસિંગને વિસ્તારપૂર્વક ચકાસણી કરવામાં આવશે. સ્થળની પરિસ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. ટ્રેનો અને સ્ટેશનો ઉપર સુરક્ષાને વધારવાના હેતુસર ૧૭૦૦૦ આરપીએફ કોન્સ્ટેબલોની ભરતી કરવામાં આવશે. તમામ ક્લાસમાં મુસાફરી કરનાર એકલી મહિલાઓના સુરક્ષા માટે વધુ પગલા લેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ટ્રેનોમાં આરપીએફની ટીમોને મોબાઈલ ફોન આપવામાં આવશે જેથી તેઓ ઝડપથી ફરિયાદનો નિરાકરણ કરી શકશે. પીપીપી રૂટ મારફતે સ્ટેશનોની આસપાસ સરહદી દિવાલના નિર્માણની શક્યતા પણ ચકાસવામાં આવશે.




## યાત્રીઓને કઈ સુવિધા

- રેલવે સ્ટેશનો ઉપર યાત્રીઓ માટે ડિઝિટલ રિઝર્વેશન ચાર્ટ રહેશે
- એસએમએસથી ટ્રેનમાં ભોજનની વ્યવસ્થા થઇ જશે
- બ્રાન્ડેડ કંપનીઓના ભોજનની વ્યવસ્થા થશે
- ટ્રેનમાં આરો મારફ્તે પીવાનું શુદ્ધ પાણી અપાશે
- મોટા સ્ટેશનો ઉપર ફુડકોટ બનાવાશે
- ૫૦ મુખ્ય સ્ટેશનો ઉપર સાફ્સફાઈનું કામ ખાનગી કંપનીઓને
- સાફ્સફાઈ ઉપર નજર રાખવા સીસીટીવી કેમેરા ગોઠવાશે
- સાફ્સફાઈને લઇને હેલ્પલાઇનની શરૂઆત કરાશે
- ઇન્ટરનેટ મારફ્તે પ્લેટફોર્મની ટિકિટ મળશે
- પોસ્ટ ઓફિસ મારફ્તે પણ ટિકિટ ઉપલબ્ધ કરાવાશે
- વધુ સ્ટેશનો ઉપર ટ્રેનો ન રોકાય તે માટેની સમીક્ષા કરાશે
- રાજધાની અને શતાબ્દીમાં વાઈ-ફાઈની સુવિધા મળશે
- યાત્રીઓને ધાર્મિક સ્થળો ઉપર જવા માટે વધુ ટ્રેનો દોડાવવામાં આવશે
- પ્રવર્તમાન નવ રૂટ પર હાઈસ્પીડ ટ્રેન દોડાવાશે

## ફળફળાદી અને શાકભાજીના બગાડને રોકવા વેરહાઉસ હશે

નવી દિલ્હી,તા.૮

ફુગાવાને અંકુશમાં લેવા અને કૃષિ રેલ કનેક્ટિવીટીને પ્રોત્સાહન આપવાના હેતુસર રેલવે પ્રધાન ડીવી સદાનંદ ગૌડાએ તેમનું પ્રથમ રેલવે બજેટ રજૂ કર્યું હતું જેમાં ફળ-ફળાદી અને શાકભાજી બગડી ન જાય તે માટે શ્રેણીબદ્ધ પગલાઓની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમે ફળ-ફળાદી, શાકભાજીના એસી સ્ટોરેજ ક્ષમતા મારફતે પરિવહન ઉપર ધ્યાન આપીશું. ગૌડાએ કહ્યું હતું કે, ખાસ દૂધના ટેન્કરો મારફતે દૂધના પરિવહનને પ્રોત્સાહન આપવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ચીજવસ્તુઓ બગડી ન જાય તેને મહત્વ આપવામાં આવશે. આના માટે રેલવે સ્ટેશનો ઉપર ખાસ પાર્સલ સેવા શરૂ કરવામાં આવશે. શાકભાજી અને ફળ-ફળાદી માટે તાપમાન નિયંત્રિત કરી શકે તેવા વેરહાઉસ બનાવવામાં આવશે. પાર્સલ ડબ્બાઓને ખાનગી કંપનીઓ દ્વારા તૈયાર કરવામાં આવશે. રેલવે બજેટમાં જાહેરાત કરવામાં આવ્યા બાદ શાકભાજી અને ફળફળાદીના બગાડને રોકી શકાશે. ઘણા સમયથી શાકભાજી અને ફળફળાદી બગડી જવાની ફરિયાદ ઉઠી હતી.

## દેશમાં નવ માર્ગો પર હાઈસ્પીડ ટ્રેન દોડશે

નવી દિલ્હી,તા.૮

દેશના કુલ નવ માર્ગો ઉપર હાઈસ્પીડ ટ્રેન દોડાવવામાં આવશે. પ્રવર્તમાન રૂટ ઉપર જ આ ટ્રેનો દોડાવવામાં આવશે. આ ટ્રેનોની ગતિ ૧૬૦-૨૦૦ કિલોમીટર પ્રતિકલાકની રહેશે. કયા રૂટ પર હાઈસ્પીડ ટ્રેનો દોડશે તે નીચે મુજબ છે.

૧. દિલ્હી-કાનપુર રેલવે રૂટ
૨. દિલ્હી-ચંદીગઢ રેલવે રૂટ
૩. નાગપુર-વિલાસપુર રેલવે રૂટ
૪. દિલ્હી-પઠાણકોટ રેલવે રૂટ
૫. દિલ્હી-આગરા રેલવે રૂટ
૬. ચેન્નાઈ-હૈદરાબાદ રેલવે રૂટ
૭. ગોવા-મુંબઈ રેલવે રૂટ
૮. મુંબઈ-અમદાવાદ રેલવે રૂટ
૯. નાગપુર-સિકંદરાબાદ રેલવે રૂટ

## રેલવે બજેટ ૨૧મી સદીનું બજેટ : નરેન્દ્ર મોદી

### મુસાફરી કરનાર પ્રવાસીને સુખદ અનુભવ થશે : રેલવેને નવી ઉંચાઈએ લઇ જવાશે

નવી દિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટ અંગે પ્રતિક્રિયા કરતા કહ્યું હતું કે, દેશમાં પ્રથમ વખત સમગ્ર રેલવે બજેટ રજૂ થયું છે. આ અગાઉ બજેટ જુદા જુદા ટુકડાઓમાં રજૂ કરવામાં આવ્યું હતું. મોદીએ કહ્યું હતું કે, આ ૨૧મી સદીનું બજેટ છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ આવનાર સમયમાં થનાર છે. રેલવે માત્ર પરિવહનના સાધન તરીકે નથી પરંતુ ભારતના વિકાસ માટે ગ્રોથ એન્જિન તરીકે પણ છે. તેમણે કહ્યું હતું કે, ૧૨૫ કરોડ લોકોનું આ બજેટ છે. યાત્રીઓની સંખ્યા વધે અને સુરક્ષા પણ વધે તેના ઉપર ભાર મુકવામાં આવ્યો છે. રેલવે બજેટથી સાબિત થશે કે રેલવે દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા અદા કરશે. વિકાસની નવી ઉંચાઈઓ હાંસલ કરવામાં આવશે. રેલવેમાં મુસાફરી



કરનાર લોકોને સારો અનુભવ થશે. વચગાળાના બજેટ બાદનું આ બજેટ છે. ખુબ ઓછા સમયમાં સારી પહેલ કરવામાં આવી છે. જે સાબિત કરે છે કે, અમે રેલવેને ક્યા લઈ જવા માંગીએ છીએ. દરમિયાન કેન્દ્રીય પ્રધાનોએ પણ બજેટનું સ્વાગત કર્યું છે. કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, રેલવે બજેટ ભારતીય રેલવે માટે ખુબ મજબૂતિ લાવશે. બીજી બાજુ કેન્દ્રીય પ્રધાન વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, સરકાર પ્રાથમિકતાના આધાર પર ચાલી રહેલા પ્રોજેક્ટો પૂર્ણ કરશે. એક યોગ્ય બજેટ રજૂ થયું છે. ભાજપના વરિષ્ઠ નેતા શાહનવાઝ હુસૈને કહ્યું હતું કે, વિરોધ પક્ષો એક શાનદાર બજેટ રજૂ થતાં નારાજ છે. આ બજેટમાં ટિકા કરવા જેવું કશું મળી રહ્યું નથી. મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું છે કે, આ બજેટ કોઈ ક્રાંતિકારી નથી પરંતુ બુલેટ બજેટ છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે, ભાજપે બુલેટ ટ્રેન અંગે પહેલાથી જ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરી હતી.

### દેશના મોટા ભાગના રાજ્યોમાં નહીવત વરસાદ

## મહારાષ્ટ્રમાં માત્ર ૨૪ ટકા વરસાદ

નવી દિલ્હી,તા. ૮

મોનસુનને લઈને દેશભરમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત મોટા ભાગના રાજયોમાં વરસાદ નહીવત સ્થિતીમાં છે. જેથી આગામી દિવસો તમામ રાજ્યો માટે પડકારરૂપ બની શકે છે. તાજેતરમાં વરસાદ થયો હોવા છતાં મહારાષ્ટ્રમાં પણ દુષ્કાળ જેવી સ્થિતી સર્જાઇ ગઇ છે. મહારાષ્ટ્ર પર હવે દુષ્કાળનુ સંકટ તોળાઇ રહ્યું છે. સોમવારના દિવસે મળેલી બેઠકમાં તમામ પાસા પર ચર્ચા કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં હજુ સુધી માત્ર ૨૪ ટકા વરસાદ થયો છે. જેથી ખતરો તોળાઇ રહ્યો છે. મહારાષ્ટ્રમાં બંધમાં માત્ર ૧૮ ટકા પાણી છે. આ સમય સુધી મહારાષ્ટ્રમાં સામાન્ય રીતે ૫૫-૬૦ ટકા વરસાદ થઈ જાય ચે. પરંતુ આ વકતે ખુબ ઓછો વરસાદ થયો છે. ખરીફ સિઝન માટે ખેતરોમાં વાવણી માત્ર ૧૦ ટકાની આસપાસ છે જેથી આગામી દિવસોમાં ભાવ વધારો થાવાની શક્યતા દેખાઇ રહી છે. સામાન્ય લોકોને વધારે તકલીફનો સામનો કરવો પડી શકે છે. રાજ્ય સરકારે સત્તાવારરીતે જાહેરાત કરી છે કે આશરે ૧૦૫૮૦ ગામોમાં પાણીની કટોકટી સર્જાઇ ગઇ છે. સાથે સાથે સરકારે પાણી પુરવઠાની વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે જુદા જુદા સંબંધિત વિભાગોને ૧૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જો કે આ સમસ્યા હજુ ગંભીર બનવાની સંકેત દેખાઇ રહ્યા છે. આંકડા દર્શાવે છે કે ૩૫૫ તાલુકા પૈકી ૨૨૦માં માત્ર ૨૫ ટકા વરસાદ થયો છે. જ્યારે ૨૦માં જ ૫૦ ટકા કરતા વરસાદ થયો છે. જે જિલ્લામાં ઓછો વરસાદ થયો છે તેમાં રાયગઢ, નાસિક, ધુલે, નંદુરબાર, જલગાવ, કોલ્હાપુર, પુણે, ઓરંગાબાદ, જાલના, બીડ, નાંદેદ,પરભાની, હિંગોલી, બુલધાના, અકોલા, વાસીમ, યાવાતમલનો સમાવેશ થાય છે.

### રેલવે બજેટ અપેક્ષા મુજબ ન રહેતા ભારે કડાકો બોલાયો

## સેંસેક્સમાં ૫૧૭ પોઈન્ટનો નોંધપાત્ર ઘટાડો

નવીદિલ્હી, તા.૮

શેરબજારમાં જોરદાર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. બજેટ અપેક્ષા મુજબ ન રહેતા સંબંધિત શેરમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૫૧૭ પોઈન્ટ ઘટીને ૨૫૫૮૨ની નીચી સપાટીએ રહ્યો હતો. એક વખતે સેંસેક્સ ૨૫૪૯૫ સુધી ઘટી ગયો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સે ૬૦૦ પોઈન્ટથી પણ વધુનો ઘટાડો નોંધાયા હતો. કેન્દ્રિય બજેટમાં સરકારના ખર્ચને લઈને પણ ચિંતાનું મોજુ રહ્યું હતું. જાણકાર લોકોનું કહેવું છે કે, આ બજેટ સામાન્ય અપેક્ષા કરતા જુદા પ્રકારનું રહ્યું છે. બજેટમાં રેલવે ઓપરેશનને બાદ કરતા અન્ય ચીજોમાં કોઈ અપેક્ષા પુરી થઈ નથી. છેલ્લા ૧૦ મહિનામાં એક દિવસોનો સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. ઈન્ડેક્સમાં ઘટાડો ઘણા શેરમાં કડાકાના કારણે થયો હતો. આરઆઈએલમાં ૩.૦૪ ટકા, એલ એન્ડ ટી, આઈસીઆઈસીઆઈ બેંક, ઓએનજીસીમાં મોટો ઘટાડો થયો હતો. નિફ્ટી ૧૬૩ પોઈન્ટ ઘટીને ૭૬૨૩ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી પણ એક વખતે ૭૫૯૬ની નીચી સપાટીએ રહ્યો હતો. રેલવે સંબંધિત કંપનીઓના મોટાભાગના શેરમાં ૪થી ૨૦ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. રેલવે બજેટ બજારની




અપેક્ષા મુજબ રહ્યું ન હતું. વર્ષ ૨૦૧૪માં હજુ સુધી તેજી રહ્યા બાદ રોકાણકારો સાવધાન રહ્યા હતા. રેલવે બજેટ પહેલા બાવન સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચેલા શેરબજારમાં મંદી રહી હતી. ટેક્સમાકો રેલ, એન્જિનિયરિંગમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. બજેટની જાહેરાત બાદ કારોબાર દરમિયાન આ શેરમાં ૨૦ ટકાનો ઘટાડો રહ્યો હતો. આ શેર કારોબારના અંતે ૧૯.૮ ટકા ઘટી ૧૧૬.૮૦ની સપાટીએ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે તેજીનું મોજુ રહ્યું હતું.

નરેન્દ્ર મોદી સરકારના પ્રથમ બજેટમાં વિકાસલક્ષી પોલિસી જાહેરાતોની આશા વચ્ચે પ્રથમ વખત સેંસેક્સે ગઈકાલે ૨૬૦૦૦ની સપાટી કુદાવી દીધા બાદ કારોબાર બંધ રહ્યો હતો. સેંસેક્સ કોરાબારના અંતે ૧૩૮ પોઈન્ટ ઉછળીને ૨૬૧૦૦ની સપાટીએ રહ્યો હતો. પરંતુ આજે ફરી એકવાર શેરબજારમાં તીવ્ર કડાકો રહ્યો હતો. રેલવે બજેટ શેરબજારની અપેક્ષા મુજબ ન રહેતા નિરાશા રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં શુક્રવારે તેજીનું જ મોજુ રહ્યુંહતું. ૧૦મીએ રજૂ થનાર બજેટને લઈને ઉત્સુકતા વધી રહી છે. હવે શેરબજારમાં બજેટ પહેલા કેવી સ્થિતિ રહે છે તે બાબત ઉપયોગી રહેશે.

## મમતા, જયા દ્વારા પણ ટિકા કરાઈ : બજેટમાં બિહારના ઘણા પ્રોજેક્ટોની અવગણના

પટણા,તા. ૮

રેલવે પ્રધાન સદાનંદ ગૌડાના બજેટની આરજેડી, તૃણમુલ કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોએ પણ ટિકા કરી હતી. રેલવે બજેટ અંગે પોતાની પ્રતિક્રિયા આપતા આરજેડીના વડા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવે કહ્યું હતું કે, રેલવે મંત્રીએ ઉતાવળમાં એજ શબ્દો વાંચી કાઢ્યા હતા જે તેમના માટે લખવામાં આવ્યા હતા. બિહાર માટેના પ્રોજેક્ટોની સંપૂર્ણપણે અવગણના થઈ છે. તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ સાહસી બજેટ તરીકે આને ગણાવીને અગાઉની સરકારની નીતિ મુજબ આગળ ન વધવા અપીલ કરી હતી. બીજી બાજુ તૃણમુલ નેતા અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રેલવે બજેટ રજૂ કરવા બદલ કેન્દ્રની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, બંગાળના લોકો સાથે અન્યાય કરવામાં આવ્યો છે.

## સમાચાર ઝલક

- ગરીબી રેખા માટેનો રંગરાજન કમિટિની ગરીબી વ્યાખ્યા નવો વિવાદ કરશે.
- વિદેશ કરતાં દેશમાં કાળુ નાણું વધુ હોવાનું મંતવ્ય.
- ગુજરાત પોલીસમાં ૨૮ ટકા જગ્યાઓ ખાલી.
- બહુચર્ચિત પલ્લવી હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ.
- પાકિસ્તાન સૈન્યથી બચવા તાલિબાનીઓ દાઢી અને વાળ કપાવી રહ્યા છે.
- સાનિયા મિર્ઝા પહેલી વખત પહોંચી ટોપ-૫માં.
- વડોદરામાં નવા શ્વાનની અંતિમ યાત્રામાં ધ્રુસકે ધ્રુસકે રડી પડી મહિલાઓ.
- શરીયત કોર્ટને કાનૂની માન્યતા નથી-સુપ્રિમ કોર્ટ.
- બગોદરા પાસે અકસ્માતમાં ત્રણ મિત્રોના મોત-એક ગંભીર.
- મોદીની બ્રાઝિલ-જર્મનીની મુલાકાત સમયે પ્રતિનિધિ મંડળમાં મીડીયા ટીમની બાદબાકી.
- દક્ષિણ મેક્સિકો-મધ્ય અમેરિકામાં ૬.૯ની તીવ્રતાનો ભૂકંપ.
- અમદાવાદમાં ધોળે દિવસે ડુંગળીની ટ્રકમાં ડુંગળી લોકોએ લુંટી.
- નાઈજિરિયામાં અપહરણકારોની ચુંગાલમાંથી ૬૦ મહિલા-છોકરી ભાગી નીકળી.
- તીરૂપતિમાં આવકવેરાના ડેપ્યુટી કમિશનર રૂ. ૩ લાખની લાંચ લેતા ઝડપાયા.
- છોટા ઉદેપુર વિસ્તારમાં દુષ્કાળના ભયથી લુંટફાટની શકયતા-લોકોએ ચોકી પહેરા ગોઠવ્યા.
- આજથી ગૌરી વ્રતનો પ્રારંભ-સુકામેવાના ભાવમાં કડાકો. ચાર્તુમાસનો પ્રારંભ થયો.
- ટુ વ્હીલર સહિત તમામ વાહનોનું દર વર્ષે ફિટનેશ ટેસ્ટીંગ થશે.
- ઈજનેરી-ફાર્મસી કોલેજમાં તોળાઈ રહેલો તોતીંગ ફી વધારો.
- વડોદરામાં પુત્રવધુએ સસરાને લોખંડની સાંકળથી બાંધી રાખ્યા.
- મહારાષ્ટ્રમાં સરકારી ડોકટરોની આઠ દિવસથી હડતાલ-૨૧૯ તબીબો બરતરફ.
- વિશ્વમાં સૌથી મોટું બજાર ભારતનું કરિયાણા બજાર ૫૦ લાખ કરોડનું ટર્ન ઓવર.
- રિલાયન્સ કોમ્યુનિકેશન ૬૦૦૦ લોકોને છુટા કરશે.
- રસોડું ચલાવવાનું દુષ્કર બનાવતી મોંઘવારી.
- સત્ય-પ્રેમ-કરૂણા રામકથાના અધ્યાત્મ તત્વો છે. - પૂ. મોરારી બાપુ